સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

નવે./ડિસેમ્બર - ૨૦૧૬ ❖ બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-




પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના દિવ્ય સાનિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ૩૫૦મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે માનસેતા પરિવાર-ડોંબીવલીના યજમાનપદે

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્યભૂમિમાં ઉજવાયો

## તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવ












**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે સરધાર મંદિર દ્વારા યોજાયેલ તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવ સહિત તેરમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' (તા. ૧૩ થી ૨૭-૧૧-૨૦૧૬)**

**૧. અલ્હાબાદ. ૨-૩. ગયાજી. ૪-૫. જગન્નાથપુરી. ૬. તિરૂપતિ બાલાજી. ૭-૮. શ્રીરંગ ક્ષેત્ર. ૯-૧૦. રામેશ્વર. ૧૧-૧૨. નાસિક.**



# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૪ | અંક :- ૯-૧૦ | તા. ૨૦-૧૨-૧૬

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું
રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું,
દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં
આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: પ્રસિદ્ધ કર્તા ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન-વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી ::
સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

:: સંકલન ::
**સાધુ અમૃતસ્વરૂપદાસજી**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: લવાજમ દર ::
બે વર્ષ : રૂા. ૧૬૦/-, પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-
પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : $ 260 (યુ.એસ.એ), : £ 175 (યુરોપ)

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardharkatha.com
www.swaminarayanvadtalgadi.org
**E-mail :-** chintankaryalay@gmail.com

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. | શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્યભૂમિમાં ઉજવાયો તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવ | ૦૪ |
| ૨. | શ્રી ઘનશ્યામ મહારાજનો દિવ્ય અભિષેક તથા અન્નકૂટ | ૦૭ |
| ૩. | પોથીપૂજન તથા પ્રાગટ્યભૂમિથી પોથીયાત્રા તથા મંગલ દિપ પ્રાગટ્ય | ૦૮ |
| ૪. | કથા અંતર્ગત ધામધૂમપૂર્વક ઉજવાયો શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવ | ૧૦ |
| ૫. | કથા અંતર્ગત ધામધૂમપૂર્વક ઉજવાયો ભગવાન શ્રીહરિનો જેતપુર ગાદિ-પટ્ટાભિષેક મહોત્સવ | ૧૧ |
| ૬. | દેશ-વિદેશથી શ્રદ્ધાપૂર્વક પધારેલા હજારોની સંખ્યામાં ભાવિક ભક્તજનો | ૧૨ |
| ૭. | શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સહિત સમગ્ર ધર્મકુળ પરિવારની પધરામણી | ૧૪ |
| ૮. | તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવમાં યોજાયેલ રાત્રિ સાંસ્કૃતિક કાર્યક્રમો | ૧૬ |
| ૯. | સમૂહ મહાપૂજા - યજ્ઞોપવીત સંસ્કાર | ૧૭ |
| ૧૦. | તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવ અવસરે મહાનુભાવોનું મંગલ ઉદ્‌બોધન | ૧૮ |
| ૧૧. | મહોત્સવના યજમાન શ્રી આશિષભાઈ રમેશચંદ્ર માનસેતાનું વિશિષ્ટ સન્માન અભિવાદન | ૧૯ |
| ૧૨. | મહોત્સવનો લાભ લેવા પધારેલા રાજકિય-સામાજિક મહાનુભાવોનું સન્માન | ૨૦ |
| ૧૩. | તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવનો અલભ્ય લાભ લેવા વિદેશથી પધારેલા હરિભક્તોનું સન્માન | ૨૧ |
| ૧૪. | અખબારોની કલમે | ૨૨ |
| ૧૫. | સત્સંગ સમાચાર પત્રીકા | ૨૩ |

હમારા લક્ષ્ય વિશ્વ કા કલ્યાણ હો...
Online : www.lakshya.tv

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
દિવ્ય અમૃતવાણી
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથા પારાયણ
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથામૃત
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦




**માનસેતા પરિવાર-ડોંબીવલીના યજમાનપદે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્યભૂમિમાં ઉજવાયો**

# તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવ

૫૦, ૯૭,૦૦,૦૦૦ ચો. કી.મી. વિસ્તારવાળી પૃથ્વી - તેમાં ૪, ૪૨, ૫૦, ૦૦૦ ચો. કી.મી. વિસ્તારમાં પથરાયેલો એશિયાખંડ - તેમાં ૩૨, ૮૭, ૨૬૩ ચો. કી.મી. વિસ્તારમાં પથરાયેલો ભાગ્યવાન ભારત દેશ. ભાગ્યવાન એટલા માટે કહેવામાંનું મન થાય છે કે, પરમાત્માને જ્યારે જ્યારે અવતાર ધારણ કરવાની ઈચ્છા થઈ ત્યારે અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા જેવા સમૃદ્ધ દેશને પસંદગી ન આપી, પરંતુ ભારત જેવા સુસંસ્કૃત દેશને પસંદગી આપી !!

ભારતમાં પણ ઉત્તરપ્રદેશની ભૂમિ કે જેણે વિશ્વને રામ આપ્યા છે અને ભગવદ્ ગીતાના ઉદ્‌ઘોષક શ્યામ પણ આપ્યા છે. આ વાતથી તો આ રાજ્યનું ગૌરવ વધે એ સહજ છે, પરંતુ આજથી ૨૩૫ વર્ષ પૂર્વે આ જ રાજ્યના એક મૂઠી જેવડા ગામમાં આ બ્રહ્માંડ સર્જાયું ત્યારથી ક્યારેય ન ઘટી હોય અને હવે પછી ક્યારેય ઘટવાની નથી એવી અભૂતપૂર્વ ઘટના ઘટી ગઈ ! જેની જાણ થતાં હરેક ઉત્તરપ્રદેશવાસીની છાતી ફૂલીને દડો થઈ જાય એમ છે. પણ... આશ્ચર્ય એ વાતનું છે કે આ ઘટનાથી કાંઈક જૂજ જનોને બાદ કરતાં આખું ઉત્તરપ્રદેશ અજાણ...!!! ક્યા સુધી ? તો ૧૭ એપ્રિલ ૧૭૮૧થી ૫ નવેમ્બર ૨૦૧૬ સુધી...!! પૂરા ૨૩૫ વર્ષ સુધી.

ઉત્તરપ્રદેશની પવિત્ર ભૂમિએ આ જગતને રામ અને શ્યામ આપ્યા એવી જ રીતે આજથી ૨૩૫ વર્ષ પહેલા સંવત ૧૮૩૭ ચૈત્ર સુદ નવમીના દિવસે સર્વકારણના કારણ, સર્વેશ્વર મહાપ્રભુ - જેના માટે આપણા શાસ્ત્રો કહે છે : 'અક્ષરાત્પરતઃ પરઃ' એવા ઘનશ્યામ આપ્યાં...!!!

૫ થી ૧૩ નવેમ્બર ૨૦૧૬ના દિવસોમાં કંઈક વિશેષ ઘટના ઘટી કે જેથી ન માત્ર ઉત્તરપ્રદેશ પણ ભારત ભરમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૩૫ વર્ષ પૂર્વે થયેલા પ્રાગટ્યની સૌને જાણ થઈ !

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દક્ષિણ વિભાગ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી




આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂર્ધન્ય-સરાહનીય શ્રેષ્ઠ વક્તા સર્વસાધુગુણસંપન્ન સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ની **૩૫૦મી,** સંપ્રદાયના સૈધ્ધાંતિક મહાન ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'**ની વિશાળ **જ્ઞાનયાત્રા**ને કેન્દ્રસ્થાને રાખીને વિશ્વભરમાં પથરાયેલા સંપ્રદાયના આશ્રિતજનો તેમજ અન્ય ધર્માનુરાગીજનો જેના માટે ગર્વ લઈ શકે એવો **'તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવ'** ભવ્યાતિભવ્ય ઉજવાયો.

મહાનગર મુંબઈના પરમ ભગવદીય શ્રી આશિષભાઈ માનસેતા અને તેમના પિતા રમેશચંદ્ર તથા માતૃશ્રી વનિતાબહેને બે વર્ષ અગાઉ જ સંકલ્પ કર્યો હતો કે પૂ. સ્વામીની ૩૫૦મી કથાનો સંપૂર્ણ આર્થિક ખર્ચ અમારે એકજ પરિવારે સ્વીકારવો છે અને એ કથા પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્યભૂમિ છપૈયામાં જ કરવી છે.

એ અવસર આવ્યો એટલે એમણે હોંશે હોંશે વધાવી લીધો. પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના અંતરના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ૩૫૦મી કથા પ્રસંગે ધામધૂમપૂર્વક 'તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવ'ની પૂર્વ તૈયારીના શ્રીગણેશ થયા.

પૂ. સ્વામીના માર્ગદર્શન પ્રમાણે તથા પૂ. મહંત બ્રહ્મચારી સ્વામી શ્રી વાસુદેવાનંદજીના સાથ-સહકારથી છપૈયા મંદિરની માલિકી અને આજુબાજુના ખેડૂત ભક્તોની ૧૦૦ વીઘા જમીન ઉપર પૂ. સંતો-પાર્ષદો અને હરિભક્તો દ્વારા મહોત્સવની યુદ્ધના ધોરણે તૈયારી શરૂ થઈ. બે મહિનાની તનતોડ મહેનતના સેવાકાર્ય પછી ૨૫૦x૪૦૦નો વિશાળ કથામંડપ, આગંતુક યાત્રિકોની ઉતારા વ્યવસ્થા માટે ૪૦૦થી વધુ વોટરપ્રુફ તંબૂઓ અને ૧૦૦ વી.આઈ.પી તંબૂઓનું નિર્માણ થયું. સ્ત્રીભક્તો માટે ઉતારા વ્યવસ્થા, સાંખ્યયોગી બહેનો માટે ઉતારા વ્યવસ્થા, સંતો માટે

ઉતારા વ્યવસ્થા, સ્ત્રી-પુરુષો ભક્તોના અલગ-અલગ ભોજનાલય વગેરે ઘણી બધી વ્યવસ્થાઓ સાથે નાના એવા છપૈયા ગામમાં જાણે રાતોરાત એક શહેર ઊભું કરી દીધું...!!! આ સમગ્ર વિશાળ કાર્યને સફળ કરવામાં અહીંના સ્થાનિક રહેવાસી ભક્તિકુળ અને ધર્મકુળ પરિવાર તેમજ અન્ય પરિવારો અને અહીંની પ્રશાસન વ્યવસ્થાએ ખૂબજ નિઃસ્વાર્થભાવે સહયોગ કર્યો.

૫ નવેમ્બર, કારતક સુદ લાભપાંચમને દિવસે સવારથી જ ગુજરાત અને દેશ-વિદેશથી પધારેલા હજારો હરિભક્તોની ભીડ છપૈયામાં થવા લાગી. પ્રાતઃકાળે પ્રાગટ્યભૂમિમાં બિરાજમાન બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો દિવ્ય અભિષેક અને અન્નકૂટ સાથે મહોત્સવનો પ્રારંભ થયો.

બપોરે ૩ વાગ્યે પ્રારંભ થયેલી પોથીયાત્રામાં જોડાયેલા હજારો ગુજરાતી ભક્તોને જોઈને સ્થાનિક લોકો તો વિસ્મત જ થઈ ગયા ! નાનકડું છપૈયા કે જેને ગઈકાલ સુધી આજુબાજુના રહેવાસીઓ પણ ખાસ જાણતા ન હતા. ૬ નવેમ્બરના ઉગતા સૂર્યની સાથે પ્રસિદ્ધ થઈ ગયું. ઉત્તરપ્રદેશના મોટા ભાગના ન્યૂઝપેપરો, ટી.વી. ચેનલો વગેરે સ્થાનિક મીડીયા માટે **'તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવ'** એ શબ્દો આકર્ષક હેડિંગરૂપ બની ગયા.

પૂ. સ્વામીએ પણ પોતાની અનોખી શૈલીથી બાળપ્રભુ શ્રી ઘનશ્યામની મૂર્તિના અખંડ અનુસંધાન સાથે ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન'ની ૩૫૦મી કથાપારાયણનો મંગલ પ્રારંભ કર્યો. તે અણમોલ શબ્દ રત્નોને ઝીલવા માટે પ્રથમ દિવસે જ લગભગ દશ હજારથી વધુ શ્રોતાગણો ટાંકણી પડે તોય અવાજ સંભળાય એવી વાચિક અને માનસિક શાંતિ સાથે ચંદ્રચકોરી ન્યાયે વ્યાસપીઠ પર પોતાની દૃષ્ટિ કેન્દ્રિત કરીને બેસી ગયા.

દિવસે દિવસે મહોત્સવનો રંગ વધુને વધુ ગહેરો બનતો જતો હતો. કેવળ છપૈયામાં નહિ પણ છપૈયા તરફ આવવાના તમામ માર્ગો ઉપર પણ ભાવિક ભક્તોનો ધસારો વધતો જતો હતો. મહોત્સવ છપૈયામાં ઉજવાતો હતો પણ ઉત્તરપ્રદેશના બીજા શ્રીસ્વામિનારાયણ મંદિરોમાં પણ હરિભક્તોનો એવો ભીડો થયો જાણે ત્યાં જ ઉત્સવ ઉજવાય છે. અને એ બધા છપૈયા મહોત્સવમાં જ આવવાવાળા ભક્તો હતા.

ઘણા હરિભક્તો તો અગાઉ જ ગુજરાતથી નીકળી ગયા હતા ને મહોત્સવનો પ્રારંભ થયા પહેલા 'પુલહાશ્રમ'ની અગમ્ય યાત્રા કરીને પાછા ફરતા મહોત્સવમાં જોડાઈને મહોત્સવના દિવ્ય આનંદનો લાભ માણવા લાગ્યા હતા. રોજ સવારે બ્રાહ્મમુહૂર્તમાં બધા ભક્તો સ્નાન-પૂજાપાઠથી પરવારીને મહોત્સવ સ્થળથી ૧ કીલોમીટરના અંતરે આવેલ વિશ્વનું સૌથી મહાન તીર્થધામ એટલે કે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની **પ્રાગટ્યભૂમિ** ઉપર પહોંચી જતા હતા.

અહીં મંદિરમાં બિરાજમાન દેવોની મંગળા આરતીના દર્શનનો લાભ લઈને ધન્ય-ધન્ય થતાં હતા. ત્યારબાદ મંદિરમાં જ ધૂન-કીર્તન, કથાવાર્તા કરતા ભક્તો શણગાર આરતીના દર્શન કરીને બાળપ્રભુની મૂર્તિને અંતરમાં ધારીને પ્રાસાદિક બાળલીલા સ્થાનોના દર્શન કરવા જતા હતા. બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજની નાની-નાની પગલીઓ જ્યાં પડી છે, જ્યાં બાળપ્રભુ સખાઓ સાથે રમ્યા છે, જમ્યા છે, હસ્યા છે, રડ્યા છે, મળ્યા છે, તો ક્યારેક છૂપાયા પણ છે... એવા પવિત્ર બાળલીલા સ્થાનોમાં દર્શન કરતા થકા મહોત્સવમાં કથાસમયે પહોંચી જતા હતા.

આ મહોત્સવની **દિવ્યતા** વાણીનો વિષય જ નથી ! એની સ્મૃતિમાત્ર જ રોમ-રોમ પુલકિત કરી દે છે...!! આનંદની એક **અનોખી લહેર** અંતઃકરણમાં વ્યાપી જાય છે.

પૂ. વક્તા મહોદયશ્રીના કંઠરવથી આબેહૂબ પ્રસરિત થતાં ભગવાન શ્રીહરિના **દિવ્ય ચરિત્રો** શ્રોતાઓના હૃદયપટમાં ક્યારેક અક્ષરધામ, ક્યારેક બદરિકાશ્રમ, ક્યારેક છપૈયા, ક્યારેક પુલહાશ્રમ, ક્યારેક લોજ, ક્યારેક જેતપુર, ક્યારેક ગઢડા-વડતાલ તો ક્યારેક કચ્છ-ગુજરાત અને કાઠિયાવાડના **ગરીમાવંત ગામડાં** ખડાં કરી દેતાં હતાં. અને બધા શ્રોતાઓ ભગવાન શ્રીહરિની સાથે જ **માનસિક વિચરણ** કરતા હતા. શ્રી ઘનશ્યામ જન્મોત્સવમાં બધા છપૈયાની નારીઓ બની ગયા હતા તો વનવિચરણમાં પશુ-પંખી અને વનરાઈઓ,... લોજમાં પનિહારી બની ગયા; તો... જેતપુર ગાદિ-પટ્ટાભિષેકમાં સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીની સાથે મહાપ્રભુનો અભિષેક કરતા હતા. ગઢડામાં કાઠી દરબારો બનીને શ્રીજીમહારાજની સેવામાં હતા તો ભગવાન શ્રીહરિ વડતાલ પધારે ત્યારે મહારાજની સાથે ઘોડા ખેલવતા વડતાલ પહોંચી જતા...!!! મહોત્સવ દરમ્યાન **એકે-એક ક્ષણે** બધા મહોત્સવાર્થીઓ ભગવાન શ્રીહરિની સાથે જ **રમણ** કરતા. સમગ્ર મહોત્સવમાં ભગવાન શ્રીહરિ પોતાના જ ઘરથી જાણે પ્રગટ જ **વિચરતા** હોય તેમ ભાસતું હતું. તે તો જેણે આ મહોત્સવ માણ્યો તે જ જાણે : **કેવો આનંદ...** કેવો **અમૂલ્ય લાભ...!!!!**

નિત્ય-નિત્ય અનેક મહાપુરુષોના દર્શન, સમગ્ર ધર્મકુળ પરિવારના **દિવ્ય દર્શન...** પ.પૂ. બાળલાલજીશ્રીઓના લાડ, બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના **આશીર્વચનો...**

આગળ હજુ કેટલી બધી **દિવ્યતા** છે; તેની અંતરમાં ઊઠતી અનુભૂતિના **વિચાર તરંગો** શબ્દોમાં રજૂ થઈ શકે તેમ નથી. કારણ કે, સુબોધ માટે જેની અતિ અગત્યતા હોય છે એવા **શબ્દદેહ**ની પણ કંઈક **સીમા** છે. ટૂંકમાં એટલું કહી શકાય કે, પરમાનંદની અનુભૂતિની **અદ્‌ભુત પળો** એટલે 'તીર્થધામ છપૈયા મહોત્સવ...!!!' !

પ્રાગટ્યભૂમિમાં બિરાજમાન બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો

# દિવ્ય અભિષેક તથા અન્નકૂટ







# બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના દિવ્ય સાન્નિધ્યમાં **પોથીપૂજન**











પ્રાગટ્યભૂમિમાં બિરાજમાન બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના દિવ્ય સાન્નિધ્યમાં પૂ. વક્તાશ્રી, પૂ. મહંત સ્વામી તથા ઉપર પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. ત્યારબાદ સભામંચમાં પૂ. વક્તાશ્રી, પૂ. મહંત સ્વામી - છપૈયા, પૂ. મહંત સ્વામી શ્રી વગેરે આમંત્રિત મહાનુભાવ દ્વારા મહોત્સવનું દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

# તથા પ્રાગટ્યભૂમિથી **પોથીયાત્રા** તથા **મંગલ દિપ પ્રાગટ્ય**











યજમાનશ્રી દ્વારા પોથીજીનું પૂજન-અર્ચન-આરતી કરી પોથીયાત્રાનો પ્રારંભ થયો હતો. હેલીકોપ્ટર દ્વારા પ્રાગટ્યભૂમિ તથા પોથીયાત્રા
દેવપ્રસાદદાસજી - અયોધ્યા, પૂ. યોગીરાજ આદિત્યનાથ (ગોરખપીઠાધિશ્વર - સાંસદ) તથા માન. શ્રી કીર્તિવર્ધનસિંગ (સાંસદ - ગોંડા)

### બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાગટ્યભૂમિમાં કથા અંતર્ગત ધામધૂમપૂર્વક ઉજવાયો

# શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવ















## કથા અંતર્ગત ધામધૂમપૂર્વક ઉજવાયો ભગવાન શ્રીહરિનો જેતપુર

# ગાદિ-પટ્ટાભિષેક મહોત્સવ















# તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવનો અલભ્ય લાભ લેવા દેશ-વિદેશથી









# શ્રદ્ધાપૂર્વક પધારેલા હજારોની સંખ્યામાં ભાવિક ભક્તજનો









# તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવમાં પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી










# નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સહિત સમગ્ર ધર્મકુળ પરિવારની પધરામણી









## પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
# दिव्य अमृतवाणी



धनसे कभी भी महोत्सव का निर्माण नही हो सकता, हाँ धनसे आयोजन जरूर हो सकता है । लेकिन वो आयोजन तभी महोत्सव बन पायेगा जब उसमें श्रद्धा जुडेगी और भगवान श्रीहरि की क्रिपा होगी । और आज वे तीनों चीज इस महोत्सव में हम देख सकते है । इस महोत्सव के माध्यमसे पूरे विश्व को यह संदेश मिल रहा है कि जब तक हमारे जीवन में भगवान का सान्निध्य और भगवान की क्रिपा प्राप्त नहीं होती तब तक हमारा जीवन अधूरा है, शून्यावकाश है और जब हमारे जीवन को परमात्मा का सान्निध्य प्राप्त हो जाता है, परमात्मा का शरण प्राप्त हो जाता है तब ऐसे सद्‌गुरुओ के मुखसे कथावार्ता के माध्यमसे भगवान की स्वरूपनिष्ठा हमारे जीवन में दृढ हो जाती है तब हमारा जीवन सफल हो जाता है ।

जैसे बच्चा अपनी माँ के गोदमें जाता है तो उसे अपने रक्षण की या पोषण की कोई फिक्र नही रहती, उसी तरह जब जीवात्मा भगवान की शरणमें, भगवान की गोदमें जाता है तो उसे भी अपने आनेवाले जीवन को रक्षण या पोषण की फिक्र नही रहती और अंतिमकालमें भगवान उसे अपने सान्निध्य का सुख देते है । ऐसी राह आज हमे इस महोत्सवमें कथा द्वारा मिल रही है । ये बहोत ही भव्य महोत्सव है, लेकिन हम हमेशा कहते है कि ‘न भूतो न भविष्यति’ ये मत कहे । क्योंकि ‘भूतकाल में न हुआ हो’ ऐसा महोत्सव जरूर करे, लेकिन भविष्यमें इससे भी बडा और सुंदर आयोजन हो ये हमारी *शुभकामना* है ।

भगवान श्री स्वामिनारायण की दोनों भुजाएँ - अमदावाद गद्दी और वडताल गद्दी ये दोनो परिवार उपस्थित हो ऐसा शुभ आयोजन हो और उसके द्वारा लाखों लोगो तक भगवान श्री स्वामिनारायण का ‘सर्वजीव हितावह’ का संदेश पहुँचे. ये छपिया की भूमि तो संकल्पसिद्ध भूमि है, भगवान श्रीहरि की प्रागट्यभूमि है । अंतमें हम बालप्रभु श्री घनश्याम महाराज को *प्रार्थना* करते है कि हमारी मति और गति हमेशा आपके श्रीचरणोमें रहे ।

# તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવમાં યોજાયેલ **રાત્રિ સાંસ્કૃતિક કાર્યક્રમો**














૧. **લોકસાહિત્ય - હાસ્ય ડાયરો :** લોકસાહિત્યકાર શ્રી માયાભાઈ આહિર. ૨-૩. **સંતો-હરિભક્તોને સંગે રાસોત્સવ :** શ્રી હેંમત જોષી. ૪. **વ્યાખ્યાનમાળા :** પૂ. સ્વામી યોગેશ્વરદાસજી. ૫-૬. **કીર્તન-ભક્તિ સંધ્યા :** શ્રી અનમોલ ખત્રી તથા કવિ શ્રી અંકિત ત્રિવેદી. ૭-૮. **નૃત્યનાટિકા :** અવધ સંસ્કૃતિ મંડળ - અયોધ્યા. ૯-૧૦. **હાસ્ય-ભજન ડાયરો :** શ્રી ઘનશ્યામભાઈ લાખાણી, નારણ ઠાકર ૧૧. **વ્યાખ્યાનમાળા :** પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી. ૧૨. રાત્રિ કાર્યક્રમોને માણતા પૂ. સંતો તથા હરિભક્તો.

# સમૂહ મહાપૂજા









# યજ્ઞોપવીત સંસ્કાર



પ્રાગટ્યભૂમિ ખાતે યોજાયેલ તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવના યજમાન શ્રી આશિષભાઈ તથા શ્રીમતિ સોનલબેનના સુપુત્ર ચિ. કૌશલનો 'યજ્ઞોપવીત સંસ્કાર મહોત્સવ'







# તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવ અવસરે મહાનુભાવોનું મંગલ ઉદ્‌બોધન


પૂ. મહંત સ્વામી - છપૈયા


પૂ. કો. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી - ગઢડા


પૂ. મહંત સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી - જૂનાગઢ


પૂ. એસ.પી. સ્વામી - ગઢડા


પૂ. યોગીરાજ શ્રી આદિત્યનાથજી - ગોરખપુર


પૂ. સ્વામી શ્રી ગુરુપ્રસાદદાસજી - અમદાવાદ


પૂ. પુરાણી સ્વામી - વરજાંગ જાળિયા


પૂ. કોઠારી સ્વામી - સરધાર


પૂ. બ્ર. સ્વામી હરિસ્વરૂપાનંદજી - છપૈયા


પૂ. મંત્રી સ્વામી - વડતાલ


પૂ. વકીલ સ્વામી - વડતાલ


પૂ. આનંદ સ્વામી - સરધાર


પૂ. વી.પી. સ્વામી - અમદાવાદ


માન. શ્રી વિનોદસિંગજી (કૃષિમંત્રીશ્રી, ઉત્તરપ્રદેશ)


માન. શ્રી કીર્તિવર્ધનસિંગ (સાંસદ - ગોંડા)


માન. શ્રી હરિશ દ્વિવેદી (સાંસદ - બસ્તી)


માન. શ્રી આશુતોષ નિરંજન (કલેકટરશ્રી - ગોંડા)


માન. શ્રી કુંવરઆનંદસિંગ (રાજા ઓફ મનકાપુર)


માન. શ્રી રામપ્રતાપસિંહ (પૂર્વ ધારાસભ્ય)


માન. શ્રી દિપકજી (આર.એસ.એસ.)

# તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવના યજમાન શ્રી આશિષભાઈ રમેશચંદ્ર માનસેતાનું વિશિષ્ટ સન્માન અભિવાદન














# તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવનો લાભ લેવા પધારેલા રાજકિય-સામાજિક મહાનુભાવોનું સન્માન



૧. પ.પૂ. લાલજી મહારાજશ્રી પાસે આશીર્વાદ પ્રાપ્ત કરતા મહોત્સવમાં સહયોગી શ્રી શૈલેન્દ્ર તિવારી (પપ્પુભૈયા) છપૈયા. ૨. યોગી શ્રી આદિત્યનાથ (સાંસદ - ગોરખપુર) ૩. માન. શ્રી વિનોદકુમારસિંહજી (કેબીનેટમંત્રી - ઉત્તરપ્રદેશ) ૪. માન. શ્રી કીર્તિવર્ધનસિંગ (સાંસદ - ગોંડા) ૫. શ્રી હરિશ દ્વિવેદી (સાંસદ - બસ્તી) ૬. માન. શ્રી નિરંજનજી (કલેકટરશ્રી - ગોંડા) ૭. માન. શ્રી કુંવરઆનંદસિંગ (રાજા ઓફ મનકાપુર) ૮. શ્રી રસિકભાઈ નિસર - થાણા ૯. શ્રી ધનજીભાઈ ધોળકીયા (હરિકૃષ્ણ એક્સપોર્ટ) ૧૦. ૩. શ્રી દિનેશભાઈ ચોથાણી - ઓલ્ડહામ. ૧૧. શ્રી માયાભાઈ આહિર (લોકસાહિત્યકાર) ૧૨. શ્રી ઘનશ્યામભાઈ લાખાણી (હાસ્યકાર) ૧૩. શ્રી નારણ ઠાકર (ભજનીક) ૧૪. શ્રી અનમોલ ખત્રી (ગાયક) ૧૫. શ્રી અંકિત ત્રિવેદી (યુવા કવિ)

# તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવનો અલભ્ય લાભ લેવા વિદેશથી પધારેલા હરિભક્તોનું સન્માન
































૧. શ્રી વાલજીભાઈ વરસાણી (શ્રીહરિ ગ્રુપ - સિસલ્સ) ૨. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ - ન્યૂજર્સી અમેરિકા. ૩. શ્રી રમેશભાઈ સોની - વડોદરા. ૪. શ્રી ઘનશ્યામભાઈ પટેલ - લંડન. ૫. શ્રી જાદવજીભાઈ ભુડીયા - લંડન. ૬. શ્રી વિરેશભાઈ પટેલ - અમેરિકા. ૭. શ્રી કિશોરભાઈ સાપરીયા - દુબઈ. ૮. શ્રી રવજીભાઈ પીંડોરીયા - લંડન. ૯. શ્રી સંજય પીંડોરીયા - લંડન. ૧૦. શ્રી સમીરભાઈ રાણા - દુબઈ. ૧૧. શ્રી નારણભાઈ પીંડોરીયા (મલ્ટી ઈન્ફોસીસ - લંડન). ૧૨. શ્રી નારાયણભાઈ કેરાઈ - લંડન. ૧૩. શ્રી પ્રવિણભાઈ પટેલ - ઓસ્ટ્રેલીયા. ૧૪. શ્રી જયેશભાઈ સોની - ઓસ્ટ્રેલીયા. ૧૫. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ - કેનેડા.



# અખબારોની કલમે

## સતત નવ દિવસ સુધી પ્રસાર માધ્યમોમાં છવાયેલો રહ્યો આ 'તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવ...'

नृत्य-गायन व सत्संग की त्रिवेणी में गोते लगा रहे भक्त

लोकगीत, गुजराती भक्तिगीत व चुटकुलों ने बांधा समां

हास्य-व्यंग गीतों से भक्त लोटपोट

हिन्दुस्तान

पधारो छपैया बालप्रभु श्री घनश्याम महाराज की प्रागट्यभूमि में

श्री स्वामिनारायण तीर्थधाम श्री छपिया महोत्सव

गोंडा/बलरामपुर MY City अमर उजाला 7 नवंबर 2016 सोमवार

भक्ति के रंग में रंगा छपिया महोत्सव

भगवान घनश्याम की बाललीला सुन श्रद्धालु भावविभोर

भगवान घनश्याम के जन्मोत्सव में उमड़ा जनसैलाब

श्रद्धालुओं के जयकारों से गूंज उठा छपिया मंदिर परिसर, बिखरा उल्लास

आसमां से फूल, जमीं पर श्रद्धा की बरसात

स्वामीनारायण की धरती पर श्रद्धा, उल्लास और भक्ति

घनश्याम के आंगन में बिखरी

फूलों की वर्षा के साथ छपिया महोत्सव

नवंबर 8, 2016 मंगलवार अमर उजाला

कुरीतियों के प्रबल विरोधी थे भगवान घनश्याम

उमानाथ तिवारी

गोंडा के छपिया में पालने में भगवान घनश्याम को झुलाते संत।

गोंडा के छपिया महोत्सव में गुजरात से आए श्रद्धालु।

फूलों की वर्षा के साथ छपिया महोत्सव आज से

भक्ति रस की बारिश से सराबोर हो उठा 'छपिया'

आज भगवान घनश्याम

अन्नकूट छप्पन भोग दर्शन से मिलती दिव्य शक्ति

नौ दिनों के मेले से छपिया की सांस्कृतिक

छपिया महोत्सव में गूंजे गुजराती सोहर के बोल

स्वामीनारायण के दरबार में कलाकारों का सम्मान

अक्षय नवमी पर निकली परिक्रमा शोभायात्रा

छपिया की पावन धरती पर फिर जन्मे 'घनश्याम'

अवधी की छटा के बीच सतरंगी रंगों से नहाया छपिया महोत्सव

... और नारद बने वानर

MY City अमर उजाला 9 नवंबर 2016 बुधवार

श्याम तू मेरे सपनों में आया...

छपिया महोत्सव में माया भाई के भजनों पर झूमे श्रद्धालु

जीवन कथा का हुआ बखान

पारम्परिक रास में रंगा नजर आया छपिया महोत्सव

अहिल्या उद्धार व पुष्प वाटिका की लीला मंचित

छाप छोड़ गया स्वामीनारायण महोत्सव

इस रविवार खुला है

संगीतमयी रासलीला की कथा पर झूमे श्रोता



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી






વડતાલ પ્રદેશના લતીપુરા ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા.







દશરથ તથા વડોદરાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ હોમાત્મક મહાપૂજા તથા સત્સંગ સભા.






ગઢપુરધામને દરબારગઢમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણમાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.


















પીપરડી (ગઢડા) ગામને આંગણે તૈયાર થયેલ નૂતન શિવમંદિરનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો તથા યજમાન પરિવાર.






ગઢડા પ્રદેશના પીઠવડી (તા. સાવરકુંડલા)ને આંગણે સુહાગીયા પરિવાર આયોજીત મહાપૂજા તથા સત્સંગ સભામાં પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.












વડતાલ પ્રદેશના પાદરાને આંગણે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણમાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા ઉપસ્થિત સમગ્ર ધર્મકુળ પરિવાર.






છાણી (વડોદરા)ને આંગણે ઉજવાયેલ ભગવાન શ્રીહરિ આગમન તિથિ મહોત્સવમાં પધારી આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી દર **રવિવારે** યોજાતી

# ॥ અભયદાન સત્સંગ રવિસભા ॥

**સમય :-** સાંજે ૫.૦૦ થી ૭.૦૦ **મહાપ્રસાદ :-** રાત્રે ૭.૦૦ થી ૯.૦૦

**સ્થળ :-** 'શ્રી સ્વામિનારાયણ મંદિર'
સરધાર, તા.જી. રાજકોટ.
મો. ૭૬૦૦૦૮૫૦૩

**સ્થળ :-** 'શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર'
માર્કેટીંગ યાર્ડની સામે, ચિત્રા, ભાવનગર
મો. ૯૦૯૯૯૯૯૬૪૫

**સ્થળ :-** 'શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર'
ગાયત્રીનગર સોસાયટીની બાજુમાં, મહુવા
મો. ૯૦૯૯૯૯૯૬૨૨

**નોંધ :-** દરેક સભાઓમાં પ્રસંગોપાત **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** પધારી સત્સંગ-કથાવાર્તાનો લાભ આપશે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તથા
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ

## નૂતન હરિમંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવોની તિથિ-તારીખ

| ક્રમ | કથાતારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૧-૨-૨૦૧૭ થી ૩-૨-૨૦૧૭ | મહા સુદ - ૫ થી મહા સુદ - ૭ | મહા સુદ - ૭ તા. ૩-૨-૨૦૧૭ | મુ. **મેઘપુર,** તા. માણાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૭૨૭૨૦૯૪૩૧, ૯૯૯૮૭૮૪૪૭૫ |
| ૨. | ૧૨-૨-૨૦૧૭ થી ૧૬-૨-૨૦૧૭ | મહા વદ - ૧ થી મહા વદ - ૫ | મહા વદ - ૫ તા. ૧૬-૨-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મહિલા મંદિર - મહેમદાવાદ,** જી. અમદાવાદ સંપર્ક :- મો. ૯૪૨૮૬૪૭૦૦૪ |
| ૩. | ૮-૩-૨૦૧૭ થી ૧૨-૩-૨૦૧૭ | ફાગણ સુદ - ૧૧ થી ફાગણ સુદ - ૧૫ | ફાગણ વદ - ૧ તા. ૧૩-૩-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર - સમની,** તા. આમોદ, જી. ભરુચ સંપર્ક :- મો. ૮૯૮૦૦૩૫૭૮૩, ૯૯૦૯૪૧૬૧૦૨ |
| ૪. | ૨૭-૪-૨૦૧૭ થી ૩-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧ થી વૈશાખ સુદ - ૮ | વૈશાખ સુદ - ૫ તા. ૩૦-૪-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર - નાળિયેલી મોલી,** તા. ઉના, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૮૭૯૦૬૫૯૩૦, ૯૭૧૨૪૭૧૫૨૩ |
| ૫. | ૨૭-૪-૨૦૧૭ થી ૧-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧ થી વૈશાખ સુદ - ૬ | વૈશાખ સુદ - ૬ તા. ૧-૫-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર,** ઘેટી દરવાજા, **પાલીતાણા,** જી. ભાવનગર સંપર્ક :- મો. ૯૪૨૬૩૪૩૮૮૩, ૯૭૨૫૦૨૩૨૬૫ |
| ૬. | ૧-૫-૨૦૧૭ થી ૭-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૬ થી વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨ તા. ૭-૫-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર, કોટડા સાંગાણી,** જી. રાજકોટ સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૩, ૯૮૨૫૪૧૬૯૯૮ |
| ૭. | ૩-૫-૨૦૧૭ થી ૭-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૮ થી વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨ તા. ૭-૫-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર, કોટડા પીઠા,** તા. બાબરા, જી. અમરેલી સંપર્ક :- મો. ૯૯૦૯૭૮૫૫૮૭ |
| ૮. | ૮-૫-૨૦૧૭ થી ૧૦-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧૩ થી વૈશાખ સુદ - ૧૫ | વૈશાખ સુદ - ૧૩ તા. ૮-૫-૨૦૧૭ | મુ. **ચાંપરડા,** તા. વિસાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૪૨૮૭૭૬૩૪૯, ૯૭૧૪૩૯૩૦૨૫ |
| ૯. | ૮-૫-૨૦૧૭ થી ૧૦-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧૩ થી વૈશાખ સુદ - ૧૫ | વૈશાખ સુદ - ૧૩ તા. ૮-૫-૨૦૧૭ | મુ. **પ્રેમપરા,** તા. વિસાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૫૩૭૦૧૨૦૭૪, ૯૫૩૭૮૩૪૩૩૫ |

## કથાપારાયણો તથા મહોત્સવોની તિથિ-તારીખ

| ક્રમ | કથાતારીખ | કથા તિથિ | વિગત | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૮-૨-૨૦૧૭ થી ૬-૩-૨૦૧૭ | ફાગણ સુદ - ૨ થી ફાગણ સુદ -૯ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | મુ. **માળીયા હાટીના,** જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૪૨૮૬૨૪૮૨૪ |
| ૨. | ૨-૪-૨૦૧૭ થી ૮-૪-૨૦૧૭ | ચૈત્ર સુદ - ૬ થી ચૈત્ર સુદ - ૧૨ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | મુ. **શ્રી સ્વા. મંદિર - આખા,** તા. માણાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૯૭૯૫૨૨૫૧૧ |
| ૩. | ૧૨-૪-૨૦૧૭ થી ૧૮-૪-૨૦૧૭ | ચૈત્ર વદ - ૧ થી ચૈત્ર વદ - ૭ | શ્રીમદ્ ભાગવત કથા મહોત્સવ | **'નૂતન શ્રી સ્વા. મુખ્ય મંદિરનું મેદાન' મહુવા** સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૨૨/૩૫ |
| ૪. | ૧૭-૫-૨૦૧૭ થી ૨૫-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૬ થી વૈશાખ વદ - ૩૦ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | **વડોદરા** સંપર્ક :- મો. ૯૮૨૫૯૧૯૯૯૦ |
| ૫. | ૨૦-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૯ | રત્નાકર મહોત્સવ | **મું. વડોદરા.** સંપર્ક :- મો. ૯૮૨૫૯૧૯૯૯૦ |

**શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ. વીણા** (તા. નડિયાદ)ના વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં
**પૂ. પુરાણી સ્વામી** - વરજાંગ જાળિયાના વક્તાપદે **તા. ૪ થી ૮-૧-૨૦૧૭** સુધી કથાપારાયણનું આયોજન કરેલ છે.




પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ. પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના અધ્યક્ષપદે તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે સરધારધામને આંગણે યોજાયેલ ૨૧મી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૨૭ થી ૩-૧૧-૨૦૧૬)

Swaminarayan Chintan, Nove./December - 2016 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2016_RNI No. GUJGUJ-2013/47868














તીર્થધામ જગન્નાથપુરીને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી નવનિર્માણ શિખરબદ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર પરિસરમાં આચાર્યશ્રી નિવાસ, સભામંડપ-સંતનિવાસ તથા યાત્રિક ભોજનાલયનું ખાતમુહૂર્ત કરતા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.

ભારત દેશના મુખ્ય ચાર **તીર્થધામ** પૈકીના **જગન્નાથપુરીધામ**ને આંગણે વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અને તેઓશ્રીના શુભ સંકલ્પથી સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે પુરી-કોણાર્ક હાઈવે પર તન-મનને આંદોલિત કરતી નયનરમ્ય ભૂમિ ઉપર ગુજરાતના ગૌરવ સમાન **ભવ્ય શિખરબદ્ધ મંદિર**, દર્શનાર્થી લાખો યાત્રિક શ્રદ્ધાળુઓ માટે **રહેવા-જમવાની** ઉત્તમ સુવિધાઓ, **કથાપારાયણ સભામંડપ**, **નિઃશુલ્ક વિદ્યાર્થી છાત્રાલય**, **દિવ્ય પ્રદર્શન** વગેરે નવનિર્માણ થનાર છે ત્યારે તેના જ એક ભાગરૂપે **તા. ૧૬-૧૧-૨૦૧૬**ના રોજ પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શુભ વરદ્ હસ્તે **આચાર્યશ્રી નિવાસ, સભામંડપ-સંતનિવાસ** તથા **યાત્રિક ભોજનાલયનું ખાતમુહૂર્ત** શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે કરવામાં આવ્યું હતું.

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007